# सुरसुतोपमा – सीता

હિતા રાજયગુરૂ,
એસોસિએટ પ્રોફેસર, કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,બોટાદ

બ્રહ્માની સૃષ્ટિમાં માનવનું અસ્તિત્વ થયું ત્યારથી પુરુષ પ્રત્યેક પળે નવું રૂપ ધારણ કરતા સ્ત્રીના અવનવા સૌંદર્ય તરફ મુગ્ધ બની આકર્ષાતો રહ્યો છે. વાલ્મીકિ રામાયણના નાયક મર્યાદા પુરુષોત્તમ રામ હોય કે અભિજ્ઞાનશાકુન્તલનો નાયક રાજવી દુષ્યંત હોય-સ્ત્રીના સૌંદર્યને નજર અંદાજ કરી શક્યા નથી.તેથી જ શિલ્પકાર જેમ ઝીણવટથી, તન્મયતાથી,ટાંકણાથી ટોચા મારી,સહેજ પણ ક્ષતિ રહી ન જાય તે રીતે મૂર્તિને કંડારે છે તેમ કવિ શબ્દોથી નાયિકાના અભિનવ સૌંદર્યને સર્જે છે. નાયિકાના આંતરિક સૌંદર્ય જેટલું જ મહત્વ તેના બાહ્ય સોન્દર્યનું પણ છે તેથી ભાગ્યે જ કોઈ કવિ એવો પ્રાપ્ત થાય જેણે પોતાની કૃતિમાં નાયિકાના ઋજુ સૌંદર્યનું વર્ણન કર્યું ન હોય. મહાકવિ કાલિદાસ અભિજ્ઞાન શાકુન્તલની નાયિકા શકુંન્તલાના સૌંદર્યને રજૂ કરે છે.તો મેઘદૂતમાં **तन्वी श्यामा.....**[२] શ્લોક દ્વારા યક્ષપ્રિયાના સૌંદર્યને નજર સમક્ષ તાદ્રશ્ય કરે છે.

આદિકાવ્ય રામાયણના કર્તા ક્રાંતદ્રષ્ટા વાલ્મીકિ ઋષિએ પણ પોતાના કાવ્યની નાયિકા સીતાના સૌંદર્યનું નિરૂપણ કર્યું છે. સીતાના મુખ, ગ્રીવા, આંખો, કટિપ્રદેશ, નાસિકા, ચરણ, વગેરે અંગોની સુંદરતાનું આલેખન કરવામાંથી કવિ પોતાની કલમને રોકી શક્યા નથી. સીતાનું સૌંદર્ય ક્યારેક તેને થયેલાં સંબોધનો દ્વારા, ક્યારેક પાત્રોએ તેના વિશે ઉચ્ચારેલા શબ્દો દ્વારા તો ક્યારેક કવિએ પોતે કરેલા વર્ણન દ્વારા પ્રગટ થાય છે. **शोभने, वरानना, विशालाक्षी, सुश्रोणी , वरारोहे, सुमुखी, सुचिस्मिता,शुभे,रम्भोरु, सुमध्ये, विशाललोचने, वरवर्णिनी** જેવા સંબોધનોમાં સીતાનાં કોઈ ને કોઈ અંગોનું સૌંદર્ય છલકાય છે. તો ક્યારેક શ્રીરામના સ્વાભાવિક રીતે ઉચ્ચારેલા શબ્દોમાં પણ એની ઝલક જોવા મળે છે. સીતા માટે વિલાપ કરતા રામ બોલી ઉઠે છે.

**कदा सुचारूदन्तोष्ठ तस्याः पद्ममिवाननम् |**
**इषदून्नामय पास्यामि रसायनमिवातुर : ||** [३]

રામે કરેલા ત્યાગ પછી ગંગા કિનારે રુદન કરી રહેલા સીતાને વાલ્મીકિ શિષ્યો આકાશમાંથી ઉતરેલા દેવી જેવા વર્ણવે છે.

**भगवान साधू पश्येस्त्व देवतामिव खाच्च्युताम्  |**
**नधास्तु तीरे भगवन वरस्त्री काडपि दुखिता ||** [४]

તો કવિ વાલ્મીકિ સીતાના સુંદર ઉપાંગોથી યુક્ત મુખને ચન્દ્રમા સાથે સરખાવતા કહે છે:

**तस्या पुनबिम्बफ्लोपमोष्ठ**
**स्वक्षीभ्रूकेशान्तंमरालपक्ष्म |**
**वक्त्र बभासे सितशुकलदन्स्त्र**
**राहोमूर्खाच्चन्द इव प्रमुक्तः || ७ ||** [५]

વાલ્મીકીય રામાયણમાં સીતાના અંગોનું સૌંદર્ય વિવિધ ઉપમાનો દ્વારા અભિવ્યક્ત થયું છે.

મુખ :– કોઈ પણ નાયિકા માટે મુખ સૌથી અગત્યનું અંગ છે. તેથી પ્રાય: પ્રત્યેક નાયિકાનાં મુખનું વર્ણન અવશ્ય પ્રાપ્ત થાય છે. કવિ વાલ્મીકિએ સીતાના મનોહર મુખને ચન્દ્રમાની ઉપમા આપતા લખ્યું:

**अब्रविच्च वरारोह चन्द्रचारुनिभाननाम् ।**
**विदेहराजयस्य सुता रामो राजीवलोचन ॥ २ ॥** [६]

રાવણ સીતાનું હરણ કરે છે ત્યારે રાવણના અંકમાં જાણે મેઘની કાળી ઘટા ચીરીને ઉદિત થયેલા ચન્દ્ર જેવા લાગતા મુખના ચળકાટને કમળના અંદરના ભાગની ઉપમા કવિ આ રીતે આપે છે:

**बभूव जलद नील भित्त्वा चन्द्र इवोदित:|**
**सुललाट सुकेशान्त पद्मगर्भाभमव्रणम् ॥**
**शुकले: सुविमलेदन्ते प्रभावदिरलकृतम् ।**
**तस्या: सुनयन वक्त्रमाकाशे रावणागडागम् ॥** [७]

ક્યાંક કવિ તેને **चन्द्रवतप्रियदर्शनम्**[૮] કહી પણ નવાજે છે.

શુર્પણખા પણ રાવણ પાસે સીતાને **वराननाम्**[૯] તેમજ **पुर्णचन्द्रनिभाननाम्** [૧૦] રજૂ કરે છે.

પ્રિયાનું સુંદર મુખ રાક્ષસોનો ગ્રાસ બની ગયું હશે તેવી કલ્પના સમયે પણ રામ સીતાના મુખને પૂર્ણચંદ્ર સમાન મનોહર જ કહે છે.

**ननु तच्छूभदन्तोष्ठ सुनास शुभकुन्डलम् ।**
**पूर्णचन्द्रनिभ ग्रस्त मुख निष्प्रभता गतम ॥** [११]

તો રાક્ષસના વશમાં પડેલી પ્રિયાના મુખને રાહુના મુખમાં પડેલો ચંદ્રમાં કહે છે:

**तच्छलक्षणसुव्यक्तमृदुप्रलाप**
**तस्या मुख कुचितकेशभारम् ।**
**रक्षोवंश नूनमुपागताया**
**न भ्राजते राहूमुखे यथेन्दू: ॥ ९ ॥** [१२]

રાવણ સીતાના નિર્મળ મુખને માત્ર ચંદ્રમાં સાથે જ નહી કયાંક કમળ સાથે સરખાવતા **वदनं पद्मसंकाशं**[૧૩] કહે છે, તો રામ પણ **पद्मानना**[૧૪] દ્વારા તેના મુખની કમળ સમાન કોમળતા રજૂ કરે છે.

કેશ :– સ્ત્રીના મુખના સૌંદર્ય સાથે તેના કેશ સંકળાયેલા છે. નાયિકાનું નખશિખ વર્ણન કરતા કવિઓ તેના કેશનું વર્ણન ચૂકતા નથી. સીતાના કેશ લાંબા, કાળા, વાંકડિયા હોવાથી કવિ તેને **सुकेश्या**[૧૫], **वक्रकेशान्ता सुकेशी**[૧૬] જેવા વિશેષણોથી સન્માને છે તો કયાંક તેને **नीलकुञ्चितमूर्धजाम्**[૧૭] પણ કહે છે. હનુમાનજી અશોકવાટિકામાં પહેલીવાર સીતાને જૂએ છે ત્યારે કાળી નાગણની જેમ કમરથી નીચે સુધી લટકતી એકમાત્ર કાળી વેણી દ્વારા ઓળખે છે

**निलनागाभया वेण्या जघन गतयेक्या ।**
**निलया निरदापाये वनराज्या महीमिव ॥**[१८]

<u>*નેત્ર*</u> :- નાયિકાની આંખોની સુંદરતા તેના મુખની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. કાળા કમળની પાંદડી જેવા સીતાનાં લોચન વિકસિત હરણના બચ્ચાનાં નેત્રો જેવા વિશાળ હોવાથી કવિ સીતા માટે **पद्मपलाशाक्षीम्**[૧૯], **मृगीवोत्फुल्लनयना**[૨૦] જેવા વિશેષણો પ્રયોજે છે. અશોકવાટિકામાં સીતાને શુભ શુકનો થવાં લાગ્યાં અને તેનું ડાબું નેત્ર ફરકવા લાગ્યું – આ ડાબા નેત્રનું વર્ણન કરતા કવિની લેખિનીમાંથી આ શબ્દો સરે છે:

**तस्या: शुभ वाममरालपक्ष्म्** –
**राज्यावृत कृष्णविशालशुक्लम ।**

**प्रास्पन्दतेंक नयन सुकेश्या**

**मीनाहत पद्ममिवाभितामम् ||** [२१]

શ્રીરામે સીતાને કરેલાં **विशालाक्षि**[२२] " **विशाललोचना** " જેવા સંબોધનોમાં પણ તેની આંખોની વિશાળતા અભિવ્યક્ત થાય છે. તો ક્યાંક શ્રીરામ તેની આંખોનું તાદાત્મ્ય હરણની આંખો સાથે જોઈ બોલી ઉઠે છે-

**अथवा मृगशावाक्षी मृग जानासि मैथिलीम् |**

**मृगविप्रेक्षणि कान्ता मृगीभि: सहिता भवेत ||** [२३]

ક્યારેક શ્રી રામને સીતાનાં કાજળભર્યાં નેત્રોનો આકાર કમળની પાંદડી જેવો જણાય છે. તેથી તેને **पद्मपलाशनेत्रा**[२४], **असितपद्माक्षी**[२५] અથવા **पुण्डरीकविशालाक्षी**[२६] કહે છે. લંકામાં રાવણ સીતાને પોતાની પત્ની બનવા સમજાવે છે ત્યારે તેને **विशालाक्षि**[२७] કહી સંબોધે છે. અશોકવાટિકામાં હનુમાનજી સીતાને જુએ છે ત્યારે તેમના કાજળ આંજ્યા હોય તેવા કાળાં નેત્રોને કારણે જ તેમને **असितेक्षणा**[२८] વિશેષણ આપે છે.

*નાસિક,ઓષ્ઠ,અને દંત* :– નાયિકાના મુખસૌંદર્યમાં અભિવૃદ્ધિ નાસિકા, અધર અને દાંતને કારણે થાય છે તેથી જ કવિ સીતાના નાસિકા,દાંત જેવા નાના અંગોની સુંદરતા આલેખવાનું ચૂક્યા નથી. સીતાની નાસિકાને કવિ **'सुनास'** કહે છે.તેના અધરને તાંબા જેવા તથા બિંબ જેવા લાલ અને મનોહર જણાવે છે.

**रुदित व्यपमृष्टास्त्र चन्द्रवतप्रियदर्शनम |**

**सुनास चारुताम्रोष्ठमाकाशे हाटकप्रभम् ||**

**राक्षसेन्द्रसमाधुत तस्यास्तद वदन शुभम् |**

**शुशुभे न विना राम दिवा चन्द्र इवोदित: ||** [३०]

સીતાના શ્વેત, ઉજ્જવળ દાંતની સુંદરતાને કવિ દાડમના દાણા સાથે સરખાવે છે.

**शुभ पुनहेमसमानववर्णों-**

**मीषदरजोध्वस्तमिवातुलाक्ष्या: |**

**वास: स्थितताया: शिखराग्रदन्त्या:**

**किंचीत परिस्त्रसत चारुगात्र्या: ||** [३१]

શ્રીરામને પણ સીતાના દાંત શુભ, હોઠ મનોહર અને નાક સુંદર લાગે છે.

**नून तच्छुभदन्तोष्ठ सुनास शुभकुन्द्लम |**

**पूर्णचन्द्रनिभ ग्रस्त मुख निष्प्रभता गतम् ||** [३२]

*ગ્રીવા* :– રામની દૃષ્ટિએ સીતાની ગ્રીવા ચમ્પા જેવા વર્ણવાળી, કોમળ અને સુંદર છે. હાર, હાંસડી વગેરે આભૂષણો પહેરવાને યોગ્ય છે. રામલક્ષ્મણ પંચવટીની કુટિરમાં પાછા આવે છે અને સીતાને જોતા નથી ત્યારે પહેલા તો એવું વિચારે છે કે સીતા રાક્ષસોનો આહાર બની ગયા હશે.

**सा हि चम्पकवर्णाभा ग्रीवा ग्रेवेयकोचिता |**

**कोमल विलपन्त्यास्तु कान्ताय भिक्षिता शुभा ||** [३३]

*પયોધર* :– રામ પોતાની પ્રિયાના સ્તનોને બિલ્વની ઉપમા આપતા તેને **बिल्वोपमस्तनी**[३४] કહે છે. ઉપરાંત તેના બંને સ્તનો મનોહર અને ગોળાકાર હોવાથી તેને **चारुवृत्पयोधराम्**[३५] કહે છે. સીતાના સ્તનોને લાલ ચંદનથી ચર્ચિત થવા યોગ્ય માને છે. સીતાના વિરહમાં ઝૂરતા રામ સીતાના તાલફળ જેવા સ્તનોનો કંપન ભર્યો સ્પર્શ ઝંખતા બોલી ઉઠે છે:

**तो तस्या: सहितो पिनो स्तनों तालफलोपमो |**

**कदा नु खुल सोत्कम्पो शिलष्यनत्य मा भजीष्यत: ||**[36]

*કટિપ્રદેશ* :– પાતળો કટિપ્રદેશ અને ઉન્નત પયોધર સ્ત્રીના સૌંદર્યની પૂર્ણતા દર્શાવે છે. સીતાનું સૌંદર્ય પણ પરિપૂર્ણ છે તે બાબત તેનો પાતળો કટિપ્રદેશ સૂચવે છે. કવિ વાલ્મીકિ તેના કટિપ્રદેશની સુંદરતાને કારણે તેને **वरारोहा**[37] કહી દર્શાવે છે. તેના સૂક્ષ્મ કટિપ્રદેશના કારણે જ રામ તેના માટે **तनुमध्ये**[38] અને **सुमध्यमे**[39] જેવા સંબધનો પ્રયોજે છે. રાવણ પણ તેના સુંદર કટિપ્રદેશના કારણે જ તેને **सुश्रोर्णि**[40] કહી સંબોધે છે.

*ઊરુ* :– નાયિકાની ચાલની સુંદરતાનો આધાર તેના ઊરુના સૌંદર્ય પર રહેલો છે. પ્રાય: ભરાવદાર અને કોમળ ઊરુને સુંદર માનવામાં આવે છે. તેથી જ કવિ વાલ્મીકિ સીતાના ઊરુને હાથીની સૂંઢ જેવા ભરાવદાર જણાવે છે.

**गजेन्द्रहस्तप्रतिमश्व पीन –**
**स्तयोद्वयो: सहतयोस्तु जात : |**
**प्रस्पन्दमान: पुनरुरुरस्या**
**राम पुरस्तात स्थितमाचचक्षे ||**[41]

રામ તેને **ककुभोरु**[42] કકુભવૃક્ષ જેવા સાથળ ધરાવતી સ્ત્રી તરીકે જાણે છે. તો રાવણ તેને **नागनासोरू**[43] " હાથીની સૂંઢ જેવા સુંદર ઊરુ ધરાવતી સીતા "નું સંબોધન કરે છે.

*ચરણ* :– સીતાના ચરણ કોમળ અને સુવાળા છે તેથી જ રાવણ તેના ચરણ માટે **स्निग्धो**[44] વિશેષણ પ્રયોજે છે.

*સ્મિત* :– મુખ ગમે તેટલું સુંદર હોય પણ તે સ્મિત વિના શોભા પામતું નથી. સીતાનું સ્મિત સર્વને મનોહર લાગે છે. તેના મનોહર હાસ્યને કારણે રામ તેને **कान्तस्मिता**[45] કહે છે. તો વળી દેવાધિદેવ ઇન્દ્રને તેનું હાસ્ય પવિત્ર લાગે છે તેથી તે સીતાને **शुचिस्मिते**[46] શબ્દથી સંબોધે છે. સીતાને પરેશાન કરતી રાક્ષસી દુર્મુખી પણ તેના સ્મિતની સુંદરતાને કારણે જ તેને **'सुस्मिते'** એવું સંબોધન કરે છે.

*સ્વર* :– ધીમો, મધુર સ્વર સ્ત્રીનું મહત્વનું આભૂષણ ગણાય છે. આ આભૂષણથી સીતા સંપૂર્ણ શોભાયમાન છે. તેનો સ્વર સ્વાભાવિક પણે મધુર છે. તેને રાવણ હરી જતો હોય છે અને તે ' હે રામ, હે લક્ષ્મણ ' એવો પોકાર પાડી રહી છે. ત્યારે પણ તેનો સ્વર કર્કશ થયો નથી તેથી જ કવિએ લખ્યું,

**ता तू लक्ष्मण रामेति क्रोशन्नती मधुरस्वराम् ||**[47]

તેના કોમળ સ્વરને કારણે જ રામ તેને **मृदुभाषा**[48], **कलाभाशिणी**[49] કહે છે. ક્યારેક રામને તેની વાણી સારસ જેવી મધુર લાગે છે. પરિણામે તેને **सारसारावनादिनी**[50] કહે છે.

*હસ્ત* :– સીતાની ભૂજાનું સૌંદર્ય પણ વખણાયેલું છે તેથી જ કવિ તેની ફરકતી ડાબી ભૂજા વિશે લખે છે:

**भुजश्व चार्वग्चितवृत्पीन:**
**पराधर्यकालागुरुचन्दनाह: |**
**अनुत्मेंनाध्न्युषित: प्रियेण**
**चिरेण वाम: समवेपताशु ||**[51]

*અંગપ્રત્યાંગ* :– સીતાના સર્વ અંગો પાતળા, સુંદર અને મૃદુ હતા તેથી કવિ વાલ્મીકિ માટે સીતા **मृदुसर्वगात्री**[52], **चारुगात्र्या:**[53] છે. તો રામ તેના માટે **तन्वी**[54], **हेमांगी**[55], **चारुसर्वांगी**[56] જેવા વિશેષણ પ્રયોજે છે.તેનાં અંગોનો વર્ણ સુવર્ણ સમાન હોવાથી હનુમાન તેના માટે **कनकवर्णांगी**[57] શબ્દ પ્રયોજે છે રાવણ તો સીતાના અંગો પાછળ મુગ્ધ છે. આ મુગ્ધતા છુપાવ્યા વિના તે સીતાને કહી પણ દે છે ;

**यद् यत् पश्यामि ते गात्र शीत्तांशुसदशानने |**
**तस्मिस्तस्मिन पृथूश्रोणि चक्षुमर्म निबध्यते ||**[58]

*<u>વર્ણ</u>* :– સીતાનો વર્ણ સુવર્ણ સમાન હોવાથી કવિ તેના માટે **हेमवर्णा**[૫૯] શબ્દ પ્રયોજે છે. તો ક્યારેક કવિ તેના વર્ણને વૃક્ષની નવી કૂંપળના વર્ણ સાથે સરખાવી તેને **तरुप्रवालरक्ता**[૬૦] કહે છે. તેના સુંદર વર્ણને કારણે રામ તેમજ રાવણ તેને **वरवर्णिनी**[૬૧] શબ્દથી સંબોધે છે.

*<u>રૂપયૌવન</u>* :– સીતા રૂપયૌવનથી એટલા સંપન્ન છે કે રાવણના કહ્યા મુજબ બ્રહ્મા સહિત એવો કોઈ પુરુષ નથી જે ધર્મથી વિચલિત ન થાય

**त्वा समासाद्य वैदेही रूपयोवनशालिनीम् |**
**क: पुननातिवर्तेत साक्षादपि पितामह: ||**[૬૨]

*<u>તેજસ્વીતા</u>* :– સીતા અત્યંત તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા હતાં. તેથી કવિ તેને કમળના કેસર જેવી પીળી અને સોનેરી કાંતિવાળા કહે છે. રાવણ સીતાને હરી જતો હોય છે તે સમયના દૃશ્યનું કવિ સુંદર કલ્પન આપે છે કે જાણે મેઘમાળાનો આશ્રય લઇ વીજળી ચમકી રહી હોય:

**सा पद्मपिता हेमाभा रावण जनकात्मजा |**
**विधुद धनमिवाविश्य शुशुभे तप्तभूषणा ||**[૬૩]

ઉપરાંત કવિ સીતાને મહાઉલ્કા સાથે સરખાવતા લખે છે. **ता महोल्कामिवाकाशे दीप्यमाना स्वतेजसा**।[૬૪] સુવર્ણ સમાન કાંતિ ધરાવતા હોવાથી જ રામ સીતાને **जाम्भुनदसमप्रभा**[૬૫] કહે છે. તો અગત્સ્ય ઋષિને બાળકી સીતાની કાંતિ કમળ જેવી લગતા તેને **पद्मसमप्रभा**[૬૬] જણાવે છે. હનુમાનજીને તો સીતા પોતાની અંગકાંતિથી અંધકાર દૂર કરતા હોય તેવા જણાય છે.

**पुर्णचन्द्रनना सुभ्र चारुवृतपयोधराम् ||**
**कुर्व्रती प्रभय देवी सर्वा वितिमिरा दिश: |**[૬૭]

આ ઉપરાંત હનુમાન તેમના માટે **अमिततेजस**[૬૮] વિશેષણ પણ પ્રયોજે છે.

સીતાનું સૌંદર્ય દેવકન્યા સમાન અદ્દભૂત હોવાથી કવિ તેને **सुरसुतोपमा**[૬૯] તરીકે વર્ણવે છે.તેનું લલાટ સુંદર છે, કેશ મનોહર છે, તેનું મુખ શીતળાનાં ચાઠા રહિત,શ્વેત, નિર્મળ, કમળના અંદરના ભાગ જેવું ચળકતું, ચમકદાર દાંતોથી અલંકૃત છે.

રામ તેમને **दिव्यरुपां, मनोरमाम्**[૭૦] કહી તેના સૌંદર્ય તરફ અંગુલિનિર્દેશ કરે છે. તો રામદૂત હનુમાનથી પણ સીતાનું સૌંદર્ય છૂપું રહેતું નથી. અશોકવાટિકામાં હનુમાન સીતાને જુએ છે ત્યારે કેવા લાગે છે ?

**ता नीलकण्ठी बिम्बोष्ठी सुमध्या सुप्रतिष्ठीताम् ||** [૭૧]

હનુમાનની દૃષ્ટીએ તો ત્રણેય લોકનું રાજ્ય સીતાની એક કળા બરાબર પણ નથી.

**राज्य वा त्रिपु लोकेषु सीता वा जनकात्मजा |**
**त्रेलोक्यराज्य सकलं सीताया नाप्नुयात् कलाम् ||**[૭૨]

માત્ર કવિ,રામ કે હનુમાન જ નહિ પરંતુ અકંપન, શુપણખા કે રાવણ જેવા રાક્ષસો પણ તેના સૌંદર્યની પ્રંશંસા કર્યા વિના રહી શક્યા નથી. અકંપન રાવણને સીતા વિશે જણાવે છે ત્યારે કહે છે: સીતા સંસારની સર્વોતમ સુંદરી છે. એનાં અંગપ્રત્યંગ સુંદર અને સુડોળ છે. તે બધી સ્ત્રીઓમાં એક રત્ન છે. તેના રૂપની બરાબરી કોઈ કરી શકે તેમ નથી-

**नेव देवी न गन्धर्वी नाप्सरा न च पन्नगी |**
**तुल्या सीमन्तिनी तस्या मानुषी तु कुतो भवेत् ||**[૭૩]

શૂર્પણખા પણ **विस्तीर्णजघना पीनोत्तुंगपयोधराम्**[૭૪] " વિસ્તૃત જઘન તથા ઉન્નત અને પુષ્ટ સ્નતોધરાવતી " શબ્દો દ્વારા તેના સૌન્દર્યને રાવણ સમક્ષ રજૂ કરે છે. ઉપરાંત તેના અંગ-પ્રાત્યાંગનું વર્ણન કરતા કહે છે.

**सा सुकेशी सुनासोरूः सुरूपा च यशस्विनी ।**
**देवतेव वनस्यास्य राजते श्रीरिवापरा ॥**[૭૫]
**तप्तकाग्चनवर्णाभा रक्ततुगडनखी शुभा ।**
**सीता नाम वरारोहा वैदेही तनुमध्यमा ॥**[૭૬]

રાવણ સીતાનું અપહરણ કરવા જાય છે ત્યારે તેનાં રૂપની પ્રશંસા કરતાં કહે છે: તમે શ્રેષ્ઠ સુવર્ણ જેવી કાંતિ ધરાવો છો, તમારું મુખ નેત્ર,હાથ અને પગ કમળ જેવાં છે. તેના પ્રત્યેક અંગનું વર્ણન કરતા કહે છે:

**समा शिखरिणः स्निग्धाः पाण्डूरा दशनास्तव ।**
**विशाले विमले नेत्रे रक्तान्ते कृष्णतारके ॥१८॥**
**विशाल जघन पीनमूरु करिकरोपमो ।**[૭૭]

તમારા આ બંને સ્તન પુષ્ટ,ગોળાકાર,પરસ્પર સ્પર્શેલા પરિપક્વ,પુષ્ટ અને ઉન્નત મુખના,સોહામણું સિનગ્ધ તાડફળ જેવા આકારના પરમ સુંદર છે, સુંદર મલકાટ રુચિર દંતાવતિ અને મનોહર નેત્ર છે, મુઠીમાં આવી જાય તેવી પાતળી કમર છે, કેશ સિનગ્ધ અને મનોહર છે. દેવતા ગંધર્વ યક્ષ અને કિન્નર જાતિની સ્ત્રીઓમાં પણ તમારા જેવી કોઈ નથી.

કવિ વાલ્મીકિએ આદિકાવ્ય રામાયણની નાયિકા સીતાને સર્વાંગ સુંદર સુંદરી તરીકે નિરૂપી છે. તેના સૌંદર્યનું,અંગ-પ્રત્યાંગનું એટલું મનોહર-તાદ્રશ વર્ણન કર્યું છે કે સર્વનાં હ્રદયમાં આલેખાઈ ગયું. તેથી જ ત્યાર પછી થયેલા કવિઓએ નાયિકાનું જે વર્ણન કર્યું છે તેમાં સીતાસૌંદર્યનું પ્રતિબિંબ પડ્યા વિના રહેતું નથી પછી તે મહર્ષિ વ્યાસના આર્ષકાવ્ય મહાભારતની નાયિકા દ્રૌપદી હોય,મહાકવિ કાલિદાસની નાયિકા શકુન્તલા યક્ષપ્રિયા,પાર્વતી કે અન્ય હોય અથવા અન્ય કોઈ કૃતિની નાયિકા હોય. વાલ્મિકિ પછીના કવિઓએ પોતાની નાયિકાના મુખને પ્રાય:ચંદ્ર કે કમળની, લાંબી વેણીને કાળી નાગણની, નેત્રને ખિલેલા કમળની પાંદડીની કે મૃગનયનની, હોઠને બિંબફળની, દાંતને કુંદની કળીની, પયોધરને બિલ્વ કે તાડફળની, ઊરુને મદમસ્ત હાથીની સૂંઢની,વર્ણને શ્રેષ્ઠ સુવર્ણની કે વૃક્ષની ફૂંટતી કૂંપળની ઉપમા આપી છે. કવિ વાલ્મીકિએ સીતા દ્વારા સ્ત્રી સોંદર્યનો જે માપદંડ પ્રસ્થાપિત કર્યો છે. તેમાં આજે પણ કોઈ કવિ પરિવર્તન કરી શક્યો નથી.

**પાદટીપ**

૧ **अभिज्ञानशकुनतल्म** ૧-૧
૨ **मेघदूतम**
૩ વાલ્મીકીય રામાયણ ૬-૫-૧૩
૪ વાલ્મીકીય રામાયણ ૭-૪૯-૪
૫ વાલ્મીકીય રામાયણ ૫-૨૯-૭
૬ વાલ્મીકીય રામાયણ ૬-૯૫-૨
૭ વાલ્મીકીય રામાયણ ૨-૧૯-૨૦
૮ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૨૧
૯ વાલ્મીકીય રામાયણ ૩-૩૪-૨૧
૧૦ વાલ્મીકીય રામાયણ ૩-૩૪-૨૨
૧૧ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૩૧
૧૨ વાલ્મીકીય રામાયણ ૩-૬૩-૯
૧૩ વાલ્મીકીય રામાયણ ૩-૫૫-૩૧
૧૪ વાલ્મીકીય રામાયણ ૩-૬૩-૧૪
૧૫ વાલ્મીકીય રામાયણ ૩-૬૩-૨૦
૧૬ વાલ્મીકીય રામાયણ ૫-૩૧-૧૭
૧૭ વાલ્મીકીય રામાયણ ૬-૧૧૫-૧૨
૧૮ વાલ્મીકીય રામાયણ ૫-૧૫-૨૫

૧૯ વાલ્મીકીય રામાયણ ૩-૪૬-૧૩
૨૦ વાલ્મીકીય રામાયણ ૬-૧૧૫-૧૦
૨૧ વાલ્મીકીય રામાયણ ૫-૨૯-૨
૨૨ વાલ્મીકીય રામાયણ ૨-૯૫-૭
૨૩ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૨૩
૨૪ વાલ્મીકીય રામાયણ ૩-૬૩-૧૪
૨૫ વાલ્મીકીય રામાયણ ૪-૧-૪૮
૨૬ વાલ્મીકીય રામાયણ ૪-૩૦-૧૦
૨૭ વાલ્મીકીય રામાયણ ૩-૫૫-૧૬
૨૮ વાલ્મીકીય રામાયણ ૫-૧૭-૨૬
૨૯ વાલ્મીકીય રામાયણ ૫-૧૫-૫૧
૩૦ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૨૧,૨૨
૩૧ વાલ્મીકીય રામાયણ ૫-૨૯-૫
૩૨ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૩૧
૩૩ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૩૨
૩૪ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૧૩
૩૫ વાલ્મીકીય રામાયણ ૫-૧૫-૨૮
૩૬ વાલ્મીકીય રામાયણ ૬-૫-૧૪
૩૭ વાલ્મીકીય રામાયણ ૨-૯૫-૨
૩૮ વાલ્મીકીય રામાયણ ૨-૯૫-૧૦
૩૯ વાલ્મીકીય રામાયણ ૩-૬૧-૧૦
૪૦ વાલ્મીકીય રામાયણ ૩-૫૫-૨૯
૪૧ વાલ્મીકીય રામાયણ ૫-૨૯-૪
૪૨ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૧૫
૪૩ વાલ્મીકીય રામાયણ ૩-૬૩-૧૨
૪૬ વાલ્મીકીય રામાયણ ૩- પક્ષીપ્ત સર્ગ -૧૧
૪૭ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૪૩
૪૮ વાલ્મીકીય રામાયણ ૪-૧-૫૦
૪૯ વાલ્મીકીય રામાયણ ૪-૩૦-૯
૫૦ વાલ્મીકીય રામાયણ ૪-૩૦-૭
૫૧ વાલ્મીકીય રામાયણ ૫-૨૯-૩
૫૨ વાલ્મીકીય રામાયણ ૫-૨૮-૧૮
૫૩ વાલ્મીકીય રામાયણ ૫-૨૯-૫
૫૪ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૧૪
૫૫ વાલ્મીકીય રામાયણ ૩-૬૪-૩૧
૫૬ વાલ્મીકીય રામાયણ ૪-૩૦-૯
૫૭ વાલ્મીકીય રામાયણ ૫-૧૫-૪૮
૫૮ વાલ્મીકીય રામાયણ ૫-૨૦-૧૫
૫૯ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૨૩
૬૦ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૩૦
૬૧ વાલ્મીકીય રામાયણ ૩-૬૨-૯, ૫-૨૨-૮
૬૨ વાલ્મીકીય રામાયણ ૫-૨૦-૧૪
૬૩ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૨૪
૬૪ વાલ્મીકીય રામાયણ ૩-૫૨-૩૧
૬૫ વાલ્મીકીય રામાયણ ૩-૬૦-૧૯
૬૬ વાલ્મીકીય રામાયણ ૭-૧૭-૩૫
૬૭ વાલ્મીકીય રામાયણ ૫-૧૫-૨૮
૬૮ વાલ્મીકીય રામાયણ ૫-૫૫-૨૩
૬૯ વાલ્મીકીય રામાયણ ૫-૨૪-૪૭
૭૦ વાલ્મીકીય રામાયણ ૬-૧૧૫-૨૪
૭૧ વાલ્મીકીય રામાયણ ૫-૧૫-૨૯
૭૨ વાલ્મીકીય રામાયણ ૫-૧૬-૧૪
૭૩ વાલ્મીકીય રામાયણ ૩-૩૧-૩૦
૭૪ વાલ્મીકીય રામાયણ ૩-૩૪-૨૧
૭૫ વાલ્મીકીય રામાયણ ૩-૩૪-૧૬
૭૬ વાલ્મીકીય રામાયણ ૩-૩૪-૧૭
૭૭ વાલ્મીકીય રામાયણ ૩-૪૬-૧૮,૧૮

## સંદર્ભગ્રંથસૂચિ

(૧) **अभिज्ञानशाकुन्तलम् – कालिदास**
(૨) **मेघदूतम – कालिदास**
(3) શ્રીમદ વાલ્મીકી રામાયણ ( પ્રથમખંડ, દ્વિતીયખંડ )